દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

શુક્રવાર ૧ નવેમ્બર, ૨૦૨૪

ઉત્તર કોરિયાના સૈનિકો રશિયાની મદદે ઉતર્યા તેનાથી મોટો ભડકો થશે?

રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યું અને રશિયા - યુક્રેન યુદ્ધ શરૂ થયું તેને અઢી વર્ષ કરતા વધુ સમય થઇ ગયો છે અને હજી આ યુદ્ધ વધતી ઓછી તીવ્રતા સાથે ચાલુ જ છે ત્યારે હાલમાં આ યુદ્ધમાં એક નવો જ વળાંક આવ્યો છે અને તે એ કે રશિયાના ઝનૂની મિત્ર દેશ એવા ઉત્તર કોરિયાએ રશિયામાં લડવા માટે પોતાના હજારો સૈનિકોને મોકલ્યા છે. એક માહિતી એવી હતી કે ઉત્તર કોરિયાએ ઘણી મોટી સંખ્યામાં પોતાના સૈનિકોને રશિયામાં યુક્રેન સામે લડવા માટે મોકલ્યા છે. હવે હાલમાં અમેરિકાના લશ્કરી મુખ્યાલયે આંકડો આપ્યો છે કે ઉત્તર કોરિયાએ દસ હજાર જેટલા સૈનિકોને રશિયામાં લડવા માટે મોકલ્યા છે. ઉત્તર કોરિયાએ યુક્રેનમાં રશિયા સાથે મળીને લડવા માટે દસ હજાર જેટલા સૈનિકો મોકલ્યા છે જે આગામી ઘણા સપ્તાહો દરમ્યાન લડી શકે છે એ મુજબ અમેરિકી લશ્કરી વડામથક પેન્ટાગોનને જણાવ્યું છે. અમેરિકાનુ ગુપ્તચર તંત્ર ઘણુ મજબૂત છે અને તેની માહિતી મોટે ભાગે ઘણી સચોટ હોય છે અને તે જોતા પેન્ટાગોને આપેલી આ માહિતી સાચી જ હશે એમ માની લઇએ. અને ઉત્તર કોરિયાના દસ હજાર સૈનિકો રશિયાની મદદે આવે તે બાબત થોડી અચરજપ્રેરક પણ અને થોડી ચિંતાજનક પણ છે.

અમેરિકાએ તો એટલે સુધી કહ્યું છે કે રશિયામાં સૈનિકો મોકલવાના ઉત્તર કોરિયાના પગલાથી ઇન્ડો-પેસેફિક પ્રદેશમાં પણ સુરક્ષાલક્ષી અસરો સર્જાશે. પેન્ટાગોનના પ્રવક્તા સબરીના સિંહે જણાવ્યું છે કે આ સૈનિકોને યુક્રેન નજીક ખસેડવામાં આવ્યા છે. અમને વધતા જતા પ્રમાણમાં એ બાબતની ચિંતા થાય છે કે રશિયા આ કોરિયન સૈનિકોનો ઉપયોગ રશિયાના કુર્સ્ક પ્રદેશમાં યુક્રેનિયન દળો સામે કરી શકે છે એમ તેમણે પત્રકારોને જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે સંરક્ષણ મંત્રી લોઇડ ઓસ્ટિને જાહેરમાં ચેતવણી આપી જ છે કે જો ઉત્તર કોરીયાના સૈનિકોનો ઉપયોગ યુદ્ધ ભૂમિમાં થશે તો તેમને પણ યુદ્ધમાં શત્રુ ગણવામાં આવશે અને કાયદેસરના લક્ષ્ય તરીકે ગણવામાં આવશે અને તેમનો ઉપયોગ ઇન્ડો-પેસેફિક પ્રદેશમાં પણ સુરક્ષા પર ગંભીર અસર કરશે. જો અમે ઉત્તર કોરિયન સૈનિકોને સરહદ તરફ આગળ વધતા જોઇશું તેમને સહ શત્રુઓ ગણવામાં આવશે આ બાબતની ગણતરી ઉત્તર કોરિયાએ કરી લેવી જોઇએ એમ પેન્ટાગોનના આ ભારતીય મૂળના પ્રવક્તાએ અમેરિકી સંરક્ષણ મંત્રીને

ટાંક્તા કહ્યું હતું. અમેરિકાના સંરક્ષણ મંત્રીની ચેતવણી બિલકુલ યોગ્ય છે. જો ઉત્તર કોરિયા પોતાના સૈનિકો રશિયામાં મોકલે તો સ્વાભાવિક રીતે યુક્રેન અને તેના સાથી દેશો આ સૈનિકોને શત્રુ સૈનિકો તરીકે જ જુએ અને તેમને પણ લક્ષ્ય બનાવે. આ બાબતે ઉત્તર કોરિયા તકરાર કરે તે ચાલી શકે નહીં. બીજી બાજુ , નાટોએ પણ એ વાતને સમર્થન આપ્યું છે કે યુક્રેન સામેની લડાઇમાં રશિયાને મદદ કરવા માટે ઉત્તર કોરિયાએ રશિયાના કુર્સ્ક પ્રદેશમાં પોતાના સૈનિકો મોકલ્યા છે. હું એ વાતને સમર્થન આપી શકુ છું કે ઉત્તર કોરિયન સૈનિકોને રશિયા મોકલવામાં આવ્યા છે અને ઉત્તર કોરિયન લશ્કરી એકમોને કુર્સ્ક પ્રદેશમાં તૈનાત કરવામાં આવ્યા છે એ મુજબ નાટોના મહામંત્રી માર્ક રટ્ટે પત્રકારોને જણાવ્યું હતું. ઉત્તર કોરિયાએ કયા સોદા કે કરાર હેઠળ પોતાના સૈનિકો રશિયાની મદદ માટે મોકલ્યા છે તે હજી જાણવા મળતું નથી પણ આમ કરીને તેણે ચિંતાઓ તો ઉભી કરી જ દીધી છે કારણ કે જો યુક્રેન કોરિયન સૈનિકોને નિશાન બનાવે તો ઇન્ડો પેસેફિક ક્ષેત્રમાં ઉત્તર કોરિયાના ભેજાગેપ સરમુખત્યાર કિમ જોંગ યુક્રેનના ટેકેદાર દેશોના હિતોને નુકસાન પહોંચાડે અને તેમાંથી મોટો ભડકો થાય તેવો ભય રહે છે.

રશિયાએ ઉત્તર કોરિયાના સૈનિકોની મદદ લીધી તે બાબતે ફરી એક વાર રશિયાની નબળાઇ છતી કરી દીધી છે. મહાસત્તા ગણાતા રશિયા પાસે પૂરતા પ્રમાણમાં તાલીમબધ્ધ સૈનિકો નથી? એવો પ્રશ્ન પણ ઉઠી રહ્યો છે. અમેરિકા ફક્ત પોતાના જ સૈનિકોના જોરે વિશ્વમાં અનેક સ્થળે થાણાઓ ધરાવે છે અને પોતાના મિત્ર દેશોની વહારે પણ ધસી જાય છે જ્યારે એક યુક્રેન સામે લડવા માટે પણ રશિયાએ અન્ય દેશોના કે ભાડૂતી સૈનિકોની મદદ લેવી પડે છે. શરૂઆતમાં રશિયાએ ચેચેન લડવૈયાઓની મદદ લીધી, પછી યેવજેની પ્રિગોઝીને તૈયાર કરેલા ખાનગી લશ્કરની મદદ લીધી અને હવે ઉત્તર કોરિયાના સૈનિકોની મદદ લીધી છે. આ બધી જ બાબતો રશિયાની નબળાઇ છતી કરનારી છે.

રોગો ઘણા તો ઉપચાર પણ ઘણા, ધ્યાન યોગ અપનાવી જુઓ

રમીલાબેન દેસાઈ

(1) સમગ્ર શરીરનું સંચાલન, મગજ અને હૃદય બંને સાથે મળીને કામ કરે છે. બંને એકબીજા સાથે સંબંધિત છે.

(2) મગજમાં ચાલતા વિચારોને જે સતત ચાલ્યા જ કરે છે. તેની અસર શરીરનાં આંતરિક અવયવો પર પડ્યા વિના રહેતી નથી.

(3) આ સતત ચાલતા વિચારોને B.F.T. (Bio-Feedback Treatment) ''ધ્યાનયોગ'' Meditation) દ્વારા નિયંત્રિત કરી શકાય છે.

રોગ શબ્દ યુજ્ ધાતુ પરથી ઊતરી આવ્યો છે. યુજ્ એટલે જોડવું. પોતાના સાથે પરમાત્મા સાથે યોગ દ્વારા જોડવાનું છે. યોગનો હેતુ જીવનમાં સત્યને જાગવાનું છે અને પોતાનો જીવન અને મૃત્યુના ચક્રમાંથી મુક્ત કરવાનો છે. યોગ શારીરિક સ્વરૂપે ફીટ રહેશે અને માનસિક રૂપે મનને શાંત કરવા માટેની પધ્ધતિ છે. તેમાં ધ્યાનયોગ (Meditation) એ મનને એકાગ્ર કરવાની વૈજ્ઞાનિક પધ્ધતિ છે. મનને જે નિરોધ કરનાર હોત તો તે ''ધ્યાનયોગ'' છે. ધ્યાનયોગ દ્વારા મન ઉપર કાબૂ મેળવી શકાય છે. આ ઉપરાંત નકારાત્મક આવેગો જેવા કે, ક્રોધ, ભય, ચિંતા, ઈર્ષ્યા વગેરેને પ્રેક્ટીસથી ક્ષીણ કરી શકાય છે. સતત ચાલતા વિચારો પર નિયંત્રણ લાવી શકાય છે.

ઈ.સ. 1970માં મનોવૈજ્ઞાનિકોએ ઈલેક્ટ્રો એનસોફલોગ્રાફ તેમજ કાર્ડિયોગ્રામ મશીનો શોધી કાઢયાં અને જુદા જુદા રોગનાં 100 દર્દીઓને લઈ પ્રયોગો કર્યા. તેઓએ એમ પણ જણાવ્યું કે ધ્યાનયોગની પ્રક્રિયા એ જાગૃત અવસ્થા અને ઊંઘની અવસ્થા કરતાં જુદી અવસ્થા છે અને ધ્યાનયોગની પ્રક્રિયા ચાલતી હોય છે તે દરમિયાન માણસનાં શરીરમાં નીચે પ્રમાણેના ફેરફારો થાય છે.

(1) શ્વાસોચ્છ્વાસનો દર સામાન્ય રીતે જે 1 મિનિટનો 17 થી 18 જેટલો હતો તે ઘટીને 8 થી 10 જેટલો થઈ ગયેલો.

(2) નાડીના ધબકારા ધીમા થયા હતા.

(3) હૃદયના ધબકારા જે ફાસ્ટ ચાલતા હતા તે શાંત પડ્યા હતા. ઈ.સ. 1977માં ડો. સાર્જક્ટ અને તેના સાથીઓએ અમેરિકામાં 'મિનેજર ફાઉન્ડેશન મેડિકલ ઈન્સ્ટીટયુશન બાયોફેરિબેક સોસાયટીની સ્થાપના કરી અને વિવિધ પ્રકારનાં દર્દીઓને હોસ્પિટલમાં ધ્યાનયોગ કરાવી પ્રયોગ કર્યા.

પ્રયોગ:1 :- 20 જેટલા માઈગ્રેઈનના (સતત માથાનો દુખાવો થવો) દર્દીઓને લઈ 30 મિનિટ 45 દિવસ સુધી ધ્યાનયોગની પ્રેક્ટીસ આપી પ્રયોગ કર્યો. ત્યાર બાદ દર્દીઓને પૂછ્યું તો મોટા ભાગનાં દર્દીઓએ જણાવ્યું કે પહેલવહેલી વાર માથાના દુખાવામાંથી મુક્ત થયાં.

tost of patients said that they ere three from leadeches ...... first time in year.)

પ્રયોગ-2:- બીજો એક પ્રયોગ હીસ્ટીરીમાં ફેફરૂ-વાય (Epilepsy) નાં દર્દીઓ ઉપર કર્યો. 10માંથી 4 દર્દીઓને નોર્મલ કન્ડીશનમાં લાવવામાં ધ્યાનયોગની પ્રક્રિયાથી નોંધનીય સફળતા મળી.

પ્રયોગ-3:- ત્રીજો એક પ્રયોગ બાલ્ટીમોર સીટી હોસ્પિટલમાં હાર્ટનાં દર્દીઓ પર કે જેમની 80 ટકા હૃદયની નળીઓ બ્લોક થઈ ગયેલી અને હાર્ટની બિમારીવાલા હતા. તેમને ધ્યાનયોગની પ્રેક્ટીસ આપી તો તેઓને હાર્ટના દર્દમાં ફાયદો જણાયો.

પ્રયોગ-4:- ચોથો પ્રયોગ વિદ્યાર્થીઓ પર કરવામાં આવ્યો જેમાં વિદ્યાર્થીઓને બે કલાક વાંચ્યા પછી ધ્યાનયોગની પ્રક્રિયા કરાવવામાં આવી અને પછી આમાં બંધ કરી વાંચેલાનું પુનરાવર્તન (Rerise) કરવાનું કહેવામાં આવ્યું તો તેઓને વધારે સારું યાદ રહ્યું હતું.

ઉપરના પ્રયોગોનાં પરિણામ જોતાં ધ્યાનયોગની પ્રક્રિયા દરિયાન શ્વાસોચ્છ્વાસનો દર જે મિનિટનાં 17 થી 18 હોય છે તે ઘટીને 7 થી 8 થઈ જાય છે. નાડીના ધબકારા ઓછા થાય કે મગજની નાડીઓ જકડાઈ ગયેલી હોય છે તે ધીમે ધીમે છૂટી પડે છે. હૃદય જે ફાસ્ટ ચાલતું હોય છે તે ધીમું થાય છે. મગજ શાંત થતાં ચેતનાનો પ્રવાહ ધીમો પડે છે. લોહી પાચનતંત્ર તરફ થાય છે એટલું જ નહિ પરંતુ શરીરને ખૂબ થાક લાગ્યો હોય તો તે ઊતરી જાય છે અને શરીર સ્ફૂર્તીલું લાગે છે. ભારતમાં આજથી આશરે 2300 વર્ષ પૂર્વે થઈ ગયેલા યોગીઓ પતંજલિ અને ગોરખનાથે આ યોગવિદ્યા જે આપણા શરીરમાં આવેલા અનૈચ્છિતંત્રો જે સ્વયંસંચાલિત તંત્રો (Automous functioning) દા.ત. હૃદય, કીડની, હોજરી, આંતરડાં, પચનતંત્ર, નાડીના ધબકારા વગેરે પર નિયંત્રણ કરે છે જેને તેઓએ 'યોગવિદ્યા' તરીકે ઓળખાવી.આ મહર્ષિઓએ પોતાના શિષ્યો પર પ્રયોગો કર્યા હતા અને તેના ઉપર પુસ્તકો લખી ગયા હતા.

સતત ચાલતા વિચારો પર નિયંત્રણ લાવી શકાય છે. આપણું મન એટલું બધું ચંચળ છે જે સ્થિર રહેતું નથી. એક નહિ તે બીજો વિચાર એમ સતત વિચારની હારમાળા ચાલ્યા જ કરે છે. અરે વિચાર નથી કરવાનો, તેનો પણ વિચાર થઇ જાય છે.

ધ્યાનયોગ દ્વારા વિચારને એકાગ્ર અને નિયંત્રણ કરવાની આ પ્રક્રિયાને આપણે એક ઉદાહરણ દ્વારા સમજીશું. બાળકને માતા ઘોડિયામાં સુવડાવે છે ત્યારે લોરી, હાલરડું ગાય છે. હવે બાળકનું ધ્યાન (મન આ સુંદર સુમધુર અવાજ તરફ જાય કે બાળક એકાગ્ર થાય છે. તેનું મન શાંત થઇ સામાનતા એકાગ્ર થતાં તે સૂઈ જાય છે. બાળક આ હાલરડાથી એટલું બધું ટેવાઈ જાય છે કે માતા ગાવા માંડે અને બાળક થોડી વાર થતાં સૂઈ જાય છે.આ પ્રક્રિયા મનને એક બાજુ કેન્દ્રિત કરવાની પ્રક્રિયા છે.જેની સમગ્ર શરીરનાં આંતરિક અવયવો પર ચોક્કસ અસર પડે છે. જેની હાઈપર ટેન્શન અથવા બ્લડપ્રેશર પર અસર પડે છે. જેનાથી હાઈ.બી.પી. લો.બી.પી. તથા અન્ય બિમારીને પણ સારી કરે છે.

યોગ ભારત પૂરતો સીમિત રહ્યો નથી. તે આંતરરાષ્ટ્રીય બની ગયો છે. 'સ્વામી વિવેકાનંદે તેમના પુસ્તક 'ધ્યાનયોગમાં ધ્યાનને રાજયોગ તરીકે ઓળખાવ્યો છે.

માણસ સામાજિક પ્રાણી છે. જે સમાજમાં તે રહે કે પૃથ્વી પર બની રહે. આજે માનવીએ ઘણો વિકાસ અને પ્રગતિ સાધ્યાં છે. પરંતુ અફસોસની વાત છે કે આ ફાસ્ટ લાઈફનો બોજ ઝીલવા માટે ખુદ માણસ જ અશક્તિમાન બનતો જાય છે. નાની કે મોટી દરેક વ્યક્તિ ચિંતા, તનાવ, ઊંડી હતાશા અને માનસિક સંઘર્ષમાં, ઝંઝાવાતમાં સપડાયેલો છે. જેને કારણે તે જાતજાતના રોગોનો ભોગ બનતો જાય છે. જેમાં મનોશારીરિક રોગોનું પ્રમાણ ખૂબ વધ્યું છે.

અમેરિકામાં મનોશારીરિક રોગોનું પ્રમાણ 70 થી 80 ટકા અને ભારતમાં 70 થી 75 ટકા જેટલું છે.આ રોગોમાં ખાસ કરીને હાઈ બી. પી. લો.બી. પી. માઈગ્રેઈન (સતત માથાનો દુખાવો) હાઈપર એસી.ડી.ટી. અસ્થમા (દમ) ડાયાબીટીસ તેની આસપાસનાં પરસ્પરનાં માનવસંબંધોને પરિણામે જે ક્રિયા-પ્રતિક્રિયા ઉદ્દભવતી હોય છે જેનાથી મન વિક્ષિપ્ત બને છે. એ વિક્ષિપ્ત થયેલા મનની જબરજસ્ત અસર શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર પડયા વિના રહેતી નથી. તેથી આજની પરિસ્થિતિમાં ધ્યાનયોગ ખૂબ જરૂરી છે. ધ્યાનયોગ એ મનને શુદ્ધ અને શાંત કરવાની પ્રક્રિયા છે. મન શાંત થતાં આત્મા ખૂબ શક્તિશાળી બને છે. જેના વડે ખૂબ સારાં કામ કરી શકાય છે.

મનોવૈજ્ઞાનિક કોલમેન 20મી સદીને ચિંતાની સદી (Age of Anxiety) તરીકે ઓળખાવી હતી. હવે 22મી સદીને આપણે ધ્યાનયોગની ચિત્તશક્તિની સદી તરીકે ઓળખાવીશું જેના વડે વિશ્વશાંતિ અને વિશ્વકલ્યાણ વગેરેનો સમાવેશ થાય છે. આ રોગો થાય છે. શરીરમાં પણ એનું કારણ હોય છે માનસિક. આ ઉપરાંત હાર્ટ એટેક, કેન્સર, અનિદ્રા, સોરાઈસીસ (ચામડીનો રોગ) વગેરેનું પ્રમાણ પણ ખૂબ વધ્યું છે.

ઈ.સ. 1963માં સૌ પ્રથમ અમેરિકામાં જુદા જુદા દેશોનાં વૈજ્ઞાનિકો મનોવૈજ્ઞાનિકોનું એક સંમેલન ભરાયું જેનો મુખ્ય હેતુ એ હતો કે આજે લોકો દવાઓ લઇ લઇને થાકી ગયા છે. (કેમ કે કેટલાકને તો રોજની 8 થી 10 ગોળીઓ લેવી પડે છે) આ સંમેલનમાં એ વિચારાયું કયો ઉપાયા શોધી કાઢીએ કે આટલી બધી ગોળીઓ લેવામાંથી માણસને બચાવી શકાય. બીજું તારણ તેઓએ એ શોધી કાઢયું કે દરેક માણસને માનસિક ચિંતા, માનસિક સંઘર્ષ, તનાવ ઉદ્દભવે છે. ત્રીજું તારણ એ શોધી કાઢયું કે માણસને મનની શાંતિ નથી. તો તે કેવી રીતે લાવી શકાય!

ત્યાર બાદ આ જ વૈજ્ઞાનિકોએ ભારતમાં ઈ.સ.પૂર્વ થઈ ગયેલા મહર્ષિ પતંજલિ અને ગોરખનાથના અભ્યાસની ચર્ચા કરી. આ સંમેલનમાં પાશ્ચાત્ય દેશોના વૈજ્ઞાનિક ડૉ. જોસેફ કામિયા , ડૉ. એલ. વી. કામિયા, ડૉ. જે. મીલર અને ડૉ. એ. ઓષ્ટિન વગેરે હતાં. ભારતનાં મનોવૈજ્ઞાનિકોમાં શ્રી કૃષ્ણાસ્વામી ડો. ગુઝુરાવ, ડૉ. પંઢરીનાથ પ્રભુ અને ડૉ. દાસ હતા. આ જ વૈજ્ઞાનિકોએ સંશોધન કરીને બતાવવું. સમગ્ર શરીરનું સંચાલન મગજ કરે છે. પરંતુ એવું નથી. મગજ અને હૃદય બંને એકબીજા સાથે સંકળાયેલા છે અને એક બીજા સાથે મળીને કામ કરે છે. સંબંધિત છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

સાચું જ્ઞાન

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક ઝેન ગુરુ પાસે એક યુવાન ગયો. ઝેન ગુરુનો કોઈ આશ્રમ ન હતો. કોઈ શિષ્યો ન હતા. તેઓ બસ પોતાની મસ્તીમાં પોતાનું જીવન સાદાઈથી જીવતા હતા. યુવાન ઝેન ગુરુ પાસે ગયો અને કહેવા લાગ્યો, 'મને તમારો શિષ્ય બનાવો.'

ઝેન ગુરુએ કહ્યું, 'હું કોઈને શિષ્ય બનાવતો જ નથી.'યુવાને જીદ કરી, 'મને તમારો શિષ્ય બનાવો ને બનાવો. મારે તમારી પાસેથી બધું જ્ઞાન મેળવવું છે અને એકદમ જાણકાર બનવું છે, મારે જ્ઞાની બનવું છે. એટલે તમે મને શિષ્ય બનાવો.'ઝેન ગુરુ હસ્યા અને બોલ્યા, 'તને કોણે કહ્યું કે હું જ્ઞાની છું અને હું તને જ્ઞાન આપી અને એકદમ જ્ઞાની બનાવી શકીશ?'યુવાન બોલ્યો, 'ચારે બાજુ ચોમેર તમારા જ્ઞાનની ખ્યાતિ ફેલાયેલી છે.'

ઝેન ગુરુ બોલ્યા, 'ખોટી વાત છે. હું જ્ઞાની નથી.'યુવાન આજીજી કરતાં બોલ્યો, 'ગુરુજી, હું તમને વિનંતી કરું છું.તમે જે કહો તે કરવા તૈયાર છું પણ બસ મને તમારો શિષ્ય બનાવો અને જ્ઞાની બનાવી દો. તમારા જેવું જ્ઞાન મને આપો.' ઝેન ગુરુએ યુવાનથી પીછો છોડાવવાના ઘણા પ્રયત્ન કર્યા પણ યુવાન માન્યો નહીં. અંતે ઝેન ગુરુએ કહ્યું, મારા એક પ્રશ્નનો જવાબ આપ, 'સાચું જ્ઞાન શું છે સાચો જ્ઞાની કોને કહેવાય? યુવાન બોલ્યો, 'જેની પાસે સૌથી વધારે જ્ઞાન હોય જાણકારી હોય,જેને બધી જ ખબર પડતી હોય, બધા જ વિષયની જાણકારી જેને હોય,દરેક વસ્તુમાં તેણે મહારત હાસિલ કરી હોય.....'યુવાન બોલતો જ રહ્યો. ઝેન ગુરુ વચ્ચેથી જ જોરજોરથી હસવા લાગ્યા અને બોલ્યા, 'યુવાન, હું કોઈને જ શિષ્યો નથી બનાવતો અને એટલે તને પણ શિષ્ય નહીં બનાવી શકું પણ એક વાક્યમાં જીવનની સમજ આપું છું કે સાચો જ્ઞાની એ છે કે જે જાણે છે કે મને કંઈ જ ખબર નથી. જે વ્યક્તિ આ સમજી લે છે કે હું કશું જ જાણતો નથી, મને કશું જ આવડતું નથી, મારી પાસે કોઈ જ્ઞાન નથી, હું સાવ અજ્ઞાની છું. સાચું જ્ઞાન છે.'યુવાનને શિષ્ય ન બનાવ્યો છતાં પણ ઝેન ગુરુએ પોતે સાચા જ્ઞાની છે તેનો પરિચય આપતાં બહુ જ સાચું જ્ઞાન આપ્યું.

ભારત અને ભારતીયતાનો જય થાય એ જ યોગ્ય છે

રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

એક ટાપુ હતો. આ ટાપુ પર સરળ, સહજ, નૈસર્ગિક જીવન જીવતાં ભલાં ભોળાં લોકો હતાં. ટાપુની ચારે બાજુ પાણી. એક વાર થોડાંક લોકો આ ટાપુ પરથી કુદરતી વસ્તુઓ લેવા આ ટાપુ પર આવ્યા અને રહ્યાં. એમણે આ ટાપુ પર રહેતાં લોકો સાથે સંપર્ક સાધ્યો.કુદરતી વસ્તુઓ લેવા માટે તેમને આ લોકોની મદદ જરૂરી હતી. આ નવાં આવેલાં લોકો આ ટાપુનાં લોકોને "કાકા"કહેતા અને સ્ત્રી હોય તો "કાકી"... આમ તો આ ટાપુ પર રહેનારાં લોકોનાં પોતાનાં નામ હતાં જ, રમેશ, મહેશ, સુરેશ, ગણેશ ...પણ આ મહેમાનો તેમને કાકા કહીને જ બોલાવતા. જેમ આપણે અજાણ્યા કોઈ પણ માણસને કાકા કહીએ એમ.થોડા સમય પછી ટાપુ ઉપર રહેનારાં થોડાં લોકોએ આ મહેમાનોને કહ્યું કે તમે અમને "કાકા"કેમ કહો છો ? તો મહેમાનોએ કહ્યું કે જે અહીંનાં લોકો છે તેમને બોલાવવા માટે અમે આ શબ્દ વાપરીએ છીએ. તો પેલાં લોકોએ કહ્યું કે પણ અમે આ ટાપુનાં નથી.અમે પણ અહીં બહારથી આવ્યાં અને રોકાયાં છીએ. અમે અહીંનાં લોકો કરતાં જુદાં છીએ. તમે અમને "કાકા"ના કહો એટલે પેલાં મહેમાનોએ કહ્યું કે સારું, અમે તમને "મામા"કહીશું.જે અહીંના જ છે તે "કાકા"અને જે બીજાં છે તે "મામા". જો કે આ "મામાઓ"ના પણ પોતાનાં નામ હતાં જ. પણ આ મહેમાનોએ બધાની ઓળખ બે ભાગમાં કરી નાખી. કાકા અને મામા.પછી તો એમણે કાકા અને મામાના ભેદ રાખીને પોતાને જે જોઈતું હતું તે આ ટાપુ પરથી મેળવ્યું.ધીરે ધીરે આ ટાપુ પર સમૂહની ઓળખ માટે ત્રણ શબ્દો મહત્ત્વના રહ્યા, કાકા મામા અને પરદેશી. સમય જતાં ટાપુનાં લોકો કાકા તરીકે ઓળખાવવા લાગ્યા.ઘણી વાર ટાપુનાં લોકોએ કહ્યું કે અમર નામ છે અમારી ઓળખાણ છે પણ આ પરદેશી લોકોએ તો બધાને કાકા જ કરી નાખ્યા.આ વાત એટલા માટે લખી કારણ કે ભારતમાં જે વિદેશી આવ્યા તેમણે ભારતનાં લોકોને હિંદુનું લેબલ લગાડ્યું અને બીજાને મુસ્લિમનું. ઈન્ડસના કિનારે રહેતા ઈંડું.મીન્સ હિંદુ અને સૌ એક. આવું જ ભારતની બાબતમાં થયું. ભારતને ઈંડિયા નામે ઓળખ્યું.જો કે ભારતનું પોતાનું નામ અને પોતાની ઓળખાણ હતી.પણ પેલા પરદેશી તો ભારતને પોતે જે નામે બોલાવવા માંગતા હતા પોતે જે રીતે ઓળખતા હતા તે રીતે જ ઓળખવા માંગતા હતા અને માટે તેમને ભારતને હમેશાં ઈન્ડિયાના નામે જ ઓળખ્યો. જો ભારતમાં અંગ્રેજે જે શહેરનાં નામ બદલ્યાં હોય, ઉચ્ચારદોષને કારણે બગડ્યા હોય તે આઝાદ ભારતમાં બદલી શકતાં હોય તો ભારતનું અંગ્રેજોએ આપેલું નામ ઈન્ડિયા શા માટે ના બદલી શકાય?

આમ તો તત્ત્વજ્ઞાન એમ કહે છે કે નામમાં શું રાખ્યું છે પણ સાવ એવું નથી જે નામ સાથે ઈતિહાસ જોડાયો હોય, જે નામ સાથે માન, અપમાન અને સ્વમાન જોડાયાં હોય એ નામમાં ઘણું બધું રાખ્યું હોય છે. માનવમન સંદર્ભોને સાથે રાખીને જીવે છે અને એ તમામ સંદર્ભ ભૂલવા માંગે છે જે તેના અપમાન સાથે જોડાયેલાં હોય.

આપણે સૌ જાણીએ છીએ કે ભારતની અન્ય લોકો માટે ઓળખાણ એ સિંધુ નદી સાથે જોડાયેલી છે.આ આખા પ્રદેશને સિંધુ નદીનો પ્રદેશ ગણવામાં આવતો. ઈતિહાસકારોએ આ સભ્યતાનો અભ્યાસ સિંધુ ખીણની સંસ્કૃતિ તરીકે કર્યો છે અને અરબસ્તાન કે તેની પેલે પારના યુરોપના દેશો આ પ્રદેશ કે જેનું મૂળ નામ ભારત હતું તેને સિંધુ નદીના પ્રદેશ તરીકે ઓળખતા માટે તે આ પ્રદેશમાં રહેતાં લોકોને સિંધુનાં લોકો કહેતાં, જે પાછળથી હિંદુ થયું. અંગ્રેજીમાં સિંધુ નદીને ઈન્ડસ તરીકે ઓળખી અને ઈન્ડસને કાંઠે રહેનારાંને ઈન્દુ.મતલબ કે હિંદુ તરીકે આ વિદેશીઓ ઓળખતા થયા.આ સિંધુનો પ્રદેશ એટલે જ હિન્દુસ્તાન.એ અરબ મુસાફરોએ અંગ્રેજોને ઓળખાવેલો પ્રદેશ છે.

પહેલાં લોકો પ્રદેશની ઓળખ આવી સ્થળની લાક્ષણિકતા મુજબ આપતા હશે.ભારતની સ્થળ આધારિત ઓળખ એટલે હિન્દુતાન કે ઈન્ડિયા થાય પણ ભારતની પરમ્પરાગત ગુણ આધારિત ઓળખાણ એટલે ભારત.ભારત એટલે જ્ઞાનની શોધમાં જે રત છે તે.જ્યાં સતત જ્ઞાનની શોધ કરનારાં લોકો છે તે પ્રદેશ.ભારતમાં જ્ઞાન અને સભ્યતાના ઐતિહાસિક વારસાનો પ્રદેશ છે. વિક્રમ સંવતનું નવું વર્ષ આપણને આપણી ઓળખાણ માટે જાગૃત કરે અને ભારત ઈન્ડિયા.હિંદુ મુસલમાનના ભેદમાંથી જ્ઞાન અને સંસ્કાર માટે મથામણ કરતી પ્રજા તરીકે પ્રેરણા આપે તેવી આશા.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

પરાવલંબી અને સ્વાવલંબી સર્જન

અડધી સદી પૂર્વે એક બહુચર્ચિત હિન્દી ફિલ્મ ''શોલે''આવી ગઈ ત્યારે તેના સર્જકો રમેશ સિપ્પી અને લેખક સલીમ-જાવેદ ઉચ્ચતમ સ્થાને પહોંચી ગયા હતા, પણ તે પછી કેટલીક ચોંકાવનારી બાબતો પ્રગટ થઈ, જે સર્જકો માટે ઘાતક હકીકત બની ગઈ. પરાવલંબી રીતે થતું અને સ્વાવલંબી રીતે થતા સર્જનમાં મૂલ્યાંકનમાં કડવી સચ્ચાઈ છતી થઈ જાય છે. ઊઠાંતરી સરળ માર્ગ ભલે લાગે, પણ જ્યારે પોલ ખુલી જાય ત્યારે શરમાવાનો વારો આવે છે, કોઈ સંપત્તિવાનને ત્યાં ચોરીનો માલ ઝડપાય ત્યારે પ્રતિષ્ઠા ઝૂંટવાય. ''શોલે''ફિલ્મની કથા, પટકથા અને મોટા ભાગનાં દશ્યો અન્ય સર્જનથી પ્રેરિત હોવાની બાબત સિધ્ધ થઈ છે. પ્રેરિત થવું અને નકલ કે ઊઠાંતરી કરવી આદરભાવ ઘટાડી દે છે. હિન્દી ફિલ્મ ''મેરા ગાંવ, મેરા દેશ''ની કથા, પાત્ર વરણી અને હોલીવુડની ફિલ્મોનાં દશ્યો, સંવાદોની નકલ આખરે તો સર્જનનું મૂલ્ય ઘટાડે છે, ભલેને ધૂમ પ્રચાર, કાવાદાવાથી, ખુશામતખોરોની સહાયથી અમુક સમયગાળામાં ભારે પ્રશંસા અને આર્થિક લાભ મેળવી લેવાય, પણ ''ઉધારકા સિંદુર''જેવી હકીકત લાંબા ગાળે છતી થઈ જ જાય છે. આની સામે એજ દિગ્દર્શક જ્યારે સ્વાવલંબનથી સર્જન કરે છે અને ''શક્તિ''ફિલ્મ બનાવે છે ત્યારે તેમની સાચી શક્તિ પ્રદર્શિત થાય છે, સદાકાલીન ઉચ્ચ મૂલ્ય પ્રાપ્ત કરે છે. આજ તો પરાવલંબી અને સ્વાવલંબી સર્જનનો તફાવત. એક ઉદાહરણ મૌલિક કલા સાથેના સર્જક સત્યજીત રેનું. એમની ફિલ્મો વિશ્વના દેશોમાં પ્રભાવ પાડી ઉચ્ચકક્ષાનો સ્વીકાર દર્શાવી શકી. ઉચ્ચકક્ષાના ફિલ્મ સર્જકો પાસે અપેક્ષા પણ ઉચ્ચકક્ષાની જ રખાય.

સુરત - યૂસુફ એમ.ગુજરાતી

રંગોળી જીવનની

મનુષ્યના જીવનરૂપી રંગોળી પણ કેવી અદ્ભુત છે! ક્યારેક પ્રેમસ્વરૂપ ગુલાબી રંગથી તે શોભી ઉઠે છે ; તો ક્યારેક શાંતિરૂપી શ્વેત રંગથી છવાઈ જાય છે; સેવારૂપી પીળા રંગથી ક્યારેક તે ઝળહળી ઉઠે છે; તો ક્યારેક વેદનાનો લાલચટ્ટક રંગ ડરાવી જાય છે. ક્યારેક વળી દુઃખરૂપી કાળો રંગ વર્ચસ્વ જમાવે છે. જોવાની ખૂબી એ છે કે આ રંગો બદલાતાં રહે છે અને મઝા તેની જ છે. મેઘધનુષ્યમાં એક જ રંગ હોય, તો શું એ દર્શનીય બની શકે? નહિ ને? એટલે જ મનુષ્યે જીવનરૂપી રંગોળીને શણગારવા જે રંગ પ્રાપ્ત થાય, તેને આવકારી જીવનને રંગીન બનાવવું જ રહ્યું, ખરું ને?

સુરત - દિપ્તી ટેલર

અનાથાશ્રમમાં ઉછરેલી જ્યોતિ આજે CEO

અનાથાશ્રમમાં ઉછરેલી, સરકારી પ્રા.શાળામાં અભ્યાસ કરી 16 વર્ષની કાચી વયે લગ્ન કરવા મજબુર થનાર, 18 વર્ષની વયે બે પુત્રીની માતા ખેતરમાં કાળી મજુરી, રોજ માત્ર પાંચ રૂપિયા, રાત્રે દરજી કામ કરે. ભણવાનો અદમ્ય ઉત્સાહ, હોંશ, પરિણામે 1994માં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા. 1997માં કાકટીયા યુર્નિ. માંથી પોસ્ટ ગ્રેજ્યુએટ થયા. ત્યારે પણ પગાર તો માત્ર 398 રૂ. જ હતો. એમના સદ્ભાગ્યે નજીકના સબંધી અમેરિકા રહેતા હતા. તેમની મુલાકાતે જવાનું થયું ને ભાગ્યએ કરવટ લીધી. ત્યાં જ્યોતિએ કોમ્પ્યુટર અભ્યાસક્રમો લઈને યુ.એસ. માં સ્થિર થયા. પ્રારંભે પેટ્રોલ પંપ પર કામ કર્યું. બેબી સીટીંગ પણ કર્યું. તેમણે 2001માં માત્ર 40,000 ડોલરની બચત સાથે પોતાની કંપની કી સોફ્ટવેર સોલ્યુશનની સ્થાપના કરી. તેનો વ્યવસાય 1.5 કરોડ રૂપિયા ટર્ન ઓવર સુધી વધાર્યો ને 2017 સુધીમાં એક અબજ ડોલરનું એન્ટરપ્રાઈઝ બનાવ્યું આજે તેઓ તેના CEO છે. ખરેખર આજની ગરીબાઈમાં ઉછરતી દિકરીઓ માટે આ સંઘર્ષગાથા પ્રેરણારૂપ છે. ક્યાં અનાથાશ્રમમાં ઉછરવું ને આજે અબજો ડોલરની સોફ્ટવેર કંપનીના સીઈઓ બનવું. વ્હાલી દિકરીઓ, તમે પણ ઉપરોક્ત ઘટનામાંથી નવી જ પ્રેરણાં મેળવી મુશ્કેલીઓનો દઢતાપૂર્વક સામનો કરી પગભર થશો. એજ નવા વર્ષે શુભેચ્છાઓ.

સુરત- રમિલા બળદેવભાઈ પરમાર

આ રીતે શિક્ષણ સંસ્થાનો વિકાસ થશે?

ગત મહિનામાં (સપ્ટેમ્બરમાં) 'ગુજરાતમિત્ર'માં એક સમાચાર વાંચવા મળ્યા હતા કે એક સંચાલકે, આચાર્યે અને શિક્ષકોએ સાથે ભેગા મળીને એક નાની બાળાને ગળું દબાવી મારી નાંખી શાળાના વિકાસ માટે બલી ચઢાવી હતી. તો શું આ રીતે શાળાનો વિકાસ થશે? શિક્ષણ સંસ્થાએ તો વહેમ, અંધશ્રધ્ધા દૂર થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ તેના બદલે શિક્ષકો સંચાલકો આચાર્યો જ વહેમ અને અંધશ્રધ્ધામાં માનતા હોય તો બાળકો પણ શું શીખશે? આવા આચાર્ય શિક્ષકો કેવી રીતે શાળાનો વિકાસ કરશે? આ તો ક્રુર હત્યા જ કરી કહેવાય. તેઓની ધરપકડ થઈ છે અને તેઓના પર સખત પગલાં લઈ તેઓને ભારેમાં ભારે સજા થવી જોઈએ. આ તે કેવી માન્યતા કેવું શિક્ષણ!

નવસારી. - મહેશ ટી. નાયક

ગુજરાતમિત્રની વૈવિધ્યતા

હમણાં એક જૂનો મિત્ર મળ્યો. મને પૂછે કે તું કેટલા ગુજરાતી ભાષામાં પ્રકાશિત થતા વર્તમાનપત્રો વાંચે છે ? મેં કહ્યું, ગુજરાતમિત્ર ઉપરાંત પ્રકાશિત થતા બધા જ. તો મને કહે એ બધામાં શ્રેષ્ઠ કયું? મેં જવાબ આપ્યો, ગુજરાતમિત્ર. તો મને કારણ પૂછ્યું. મેં કહ્યું , તેની વૈવિધ્યતાને કારણે. ગુજરાતમિત્રમાં સમાચારમાં ફક્ત તથ્ય જ છપાય છે. તેના તંત્રીલેખ પણ તટસ્થ હોય છે અને જે તે દિવસની નોંધનીય કે વિવાદાસ્પદ ઘટનાનું વિશ્લેષણ તરત જ તંત્રીલેખમાં આવી જાય છે. સિનેમા વિભાગમાં કોઈ એક જાણીતા ફિલ્મી ગીતાનો ભાવાર્થ આપવામા આવે છે જે ખૂબ જ પ્રસંશનીય છે. તેના કાગળ ,પ્રિન્ટિંગ અને ફોટાઓની ક્વોલિટી પણ ઉચ્ચ પ્રકારની હોય છે. અન્ય વર્તમાનપત્રોના પાના જાહેરખબરોથી ભરેલા હોય છે જ્યારે ગુજરાતમિત્રમાં જાહેરખબરોની ભરમાર ન હોવાથી વાંચવાનું ગમે છે. બીજા વર્તમાનપત્રોની સુરત આવૃત્તિ પાછળથી આવી જ્યારે ગુજરાતમિત્ર તો સુરતનું પોતાનું અને સુરતના ઇતિહાસથી રગેરગ વાકેફ એવું અખબાર છે અને એટલે જ અમને સૌથી વધારે ગમે છે. એવું જણાવતા મિત્રએ કહ્યું , મારી દ્રષ્ટિએ પણ ગુજરાતમિત્ર જ આવે પણ મારે તારો અને અન્યોના અભિપ્રાય જાણવા હતા.

સુરત - સુરેન્દ્ર દલાલ

ખાનગી ટ્રાવેલ્સ બસ ભાડાના ધારા ધોરણ નક્કી કરો

સુરતની વર્ષો જુની પરંપરા અનુસાર દિવાળીના વેકેશનમાં 80 ટકા રત્ન કલાકારો દિવાળી પોતાના વતનમાં જ મનાવતા હોય છે. પરંતુ ખાનગી ટ્રાવેલ્સના સંચાલકોએ પરિસ્થિતિનો લાભ ઉઠાવીને બસના ડબલ સોફના રૂ. 2500 કરી દીધા જે ખુબ જ મોટો વધારો છે. જેના વિપરીત પરિણામે હવે રત્ન કલાકારો ખાનગી બસમાં જવાને બદલે એસ.ટી. બસમાં જવાનું પસંદ કરે છે કારણ કે બસભાડામાં 50 ટકા જેટલો ફાયદો થાય છે. પ્રશ્ન એ છે કે ખાનગી ટ્રાવેલ્સના સંચાલકો આવી ખુલ્લી લુટ ચલાવી રહ્યા છે અને તેને સામે સરકારી તંત્રએ મૌન ધારણ કર્યું છે એનો અર્થ શું સમજો? આ અંગે રાજ્ય સરકારે જાગૃત થઈને મુસાફરોના હિતમાં ચોક્કસ બસ ભાડાના ધારા ધોરણ અને નિયમ અંગેનો જાહેર પરિપત્ર બહાર પાડવો જરૂરી છે. જેથી ખાનગી સંચાલકો દ્વારા ચાલતી ખુલ્લી લુટ પર અંકુશ લગાવી શકાય અને આ નિયમો ભંગ કરનાર સંચાલકોને આકરો દંડ કે પછી કાયમી ધોરણ તેમની એજન્સી રદ કરવાની જોગવાઈ હોવી અનિવાર્ય અને જરૂરી છે.

સુરત - રાજુ રાવલ